બિહારમાં નીતિશકુમારે વિશ્વાસમત જીતી લીધો

ભાજપના ધારાસભ્યો દ્વારા વોકઆઉટ કરાયો

નવી દિલ્હી,તા. ૧૧

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે રાજ્યવિધાનસભામાં વિશ્વાસનો મત જીતી લીધો હતો. ભાજપના ધારાસભ્યો દ્વારા વોકઆઉટ કરવામાં આવ્યો હતો. નીતિશકુમારે પ્રથમ અડચણ પાર કરી લીધી હતી. નીતિશે તેમની તરફેણમાં ૧૪૦ મત સાથે વિશ્વાસમત જીતી લીધો હતો. નીતિશકુમારે ૨૨મી ફેબ્રુઆરીના દિવસે ચોથી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ આજે બહુમતિ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું હતું. જેડીયુએ તેના તમામ ૧૧૦ ધારાસભ્યોને ગૃહમાં ઉપસ્થિત રહેવા માટે ખાસ આદેશ જારી કર્યો હતો. સંસદીય બાબતોના પ્રધાન અને જેડીયુના મુખ્ય દંડક શ્રવણ કુમારે આ મુજબની માહિતી આપી છે. કુમારે કહ્યું હતું કે, બંધારણની જોગવાઈ મુજબ આ આદેશ જારી કરાયો છે. બીજી બાજુ વિદાય લેતા મુખ્યમંત્રી જીતનરામ માંઝીની હાલત હવે કફોડી બનેલી છે. પાર્ટીના સભ્યપદેથી હજુ તેમને દૂર કરવામાં આવ્યા નથી. નીતિશકુમારને આરજેડી અને કોંગ્રેસનો ટેકો પણ મળ્યો હતો.

આરજેડીના મુખ્ય દંડક ભાઈ વિરેન્દ્રએ કહ્યું હતું કે, નીતિશકુમારને ટેકો આપવાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવ્યો હતો. ૨૪ ધારાસભ્યો એક મત છે. કોંગ્રેસ વિધાનસભા પાર્ટીના નેતા સદાનંદ સિંહે પણ કહ્યું હતું કે, તેમની પાર્ટીના પાંચ ધારાસભ્યો વિશ્વાસમત દરમિયાન નીતિશકુમાર સાથે રહ્યા હતા. તમામ ધારાસભ્યોને પહેલાથી જ આના માટે સૂચના આપવામાં આવી હતી. બિહાર વિધાનસભામાં ૧૦ ખાલી જગ્યા સાથે અસરકારક સંખ્યાબળ ૨૩૩નું છે. જાદુઈ આંકડો ૧૧૭નો છે. વિધાનસભાની સ્થિતિ ખુબ જ અનુકુળ જેડીયુ માટે રહી છે. જેડીયુ પાસે ૧૧૦ ધારાસભ્યો, આરજેડી પાસે ૨૪, કોંગ્રેસ પાસે પાંચ, સીપીઆઈ પાસે એક અને કેટલાક અપક્ષો નીતિશકુમારને ટેકો આપવા સહમત થયા હતા. ભાજપ પાસે ૮૭ ધારાસભ્યો છે.

મોદી સરકાર લોકોને રાહત આપવા ઇચ્છુક

લોનના રેટમાં કાપ મુકવા સરકારી બેંકો પર દબાણ

નવી દિલ્હી,તા. ૧૧

મોદી સરકાર જાહેર ક્ષેત્રની બેંકોને રેટમા ંકાપનો લાભ રીટેલ ગ્રાહકોને આપવા માટે ટુંકમાં જ સુચના આપે તેવી શક્યતા છે. આરબીઆઇએ તાજેતરમા ંજ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો ઘટાડો કર્યો હતો. આરબીઆઇએ આ નિર્ણય કરીને તમામને ચોંકાવી દીધા હતા. આ સંબંધમાં ટુંક સમમાં નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. બેંકો પર દબાણ લાવવા મોદી સરકાર સજ્જ છે. જાણકાર નિષ્ણાંતો માને છે કે બેંકો દ્વારા આવા નિર્ણય કરાશે તો આર્થિક વિકાસ ઝડપી બની શકે છે. એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યુ ંહતુ ંકે બજેટમાં હાંસલ કરી શકાય તેવી ફિસ્કલ ડેફિસીટ યોજના રજૂ કરવામાં આવી છે. મોંઘવારી નિયંત્રણમાં છે. આરબીઆઇ દ્વારા રેટમાં કાપ મુકી સરકારની પોલિસીમાં વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. હવે બેંકોને પગલા લેવાની જરૂર છે. હજુ સુધી માત્ર એક જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ટ્રાવણકોરે રેટમાં કાપની જાહેરાત કરીછે. તેનો બેઝ રેટ ૧૬મી માર્ચથી ૧૦ બેઝિક પોઇન્ટ ઘટીને ૧૦.૧૫ ટકા રહી જસે. અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઇના ગવર્નર રઘુરામ રાજને બજેટ રજૂ કરવામાં આવ્યાના ત્રણ દિવસ બાદ જ રેપો રેટમાં ૨૫ બેઝિક પોઇન્ટનો કાપ મુકીને તમામને ચોંકાવી દીધા હતા. રેપો રેટને ૭.૭૫ ટકાથી ઘટાડીને ૭.૫૦ ટકા કરવામા ંઆવ્યો હતો.નાણાં રાજ્ય પ્રદાન જયંત સિંહા પહેલાથી જ કહી ચુક્યા છે કે તેઓ પણ બેંકો પાસેથી રેટમાં કાપની અપેક્ષા રાખી રહ્યા છે. છેલ્લા સપ્તાહમા ંજ એક મુલાકાતમાં તેમણે આ મુજબની વાત કરી હતી. હવે રીઝર્વ બેંક આ વર્ષે હજુ સુધી રેપો રેટમાં અડધા ટકા સુધીનો ઘટાડો કરી ચુકી છે. આ સિલસિલો જારી રહે તેવી શક્યતા છે.

કોલસા કાંડમાં મનમોહન સામે આરોપી તરીકે સમન્સ જારી

નવી દિલ્હી,તા. ૧૧

સમગ્ર દેશને હચમચાવી મુકનાર કોલસા કોંભાડમાં હવે ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની મુશ્કેલીમાં વધારો થઇ શકે છે. કારણ કે સીબીઆઇની ખાસ અદાલતે મનમોહનસિંહને આરોપી તરીકે સમન્સ જારી કર્યુંછે. જે સમય કોલસા કાંડની વિગત સપાટી પર આવી ત્યારે તત્કાલીન વડાપ્રધાન સિંહની પાસે જ કોલસા મંત્રાલયની જવાબદારી હતી. મનમોહનસિંહ ઉપરાંત ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્ય ત્રણની સામે પણ આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યા છે. કોર્ટે અપરાધિક કાવતરા, વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર અટકાયત કાયદાની જોગવાઇ હેઠળ છ લોકોની સામે સમન્સ જારી કર્યા છે. કોર્ટે મામલામાં આરોપી તરીકે મેસર્સ હિડાલ્કો, તેના અધિકારીઓ શુભેન્દુ અમિતાભ અને ડી. ભટ્ટાચાર્યની સામે પણ સમન્સ જારી કર્યા છે. વર્ષ ૨૦૦૫માં જ્યારે બિડલાની કંપની હિડાલ્કોને ઓરિસ્સાના તાલાબીર-૨ અને ત્રણમા કોલસા બ્લોક ફાળવવામાં આવ્યા હતા ત્યારે કોલસા પ્રધાન

તરીકે મનમોહનસિંહ જ હતા.ડિસેમ્બર મહિનામાં સીબીઆઇની ખાસ અદાલતે આ મામલામાં તપાસ સંસ્થાના ક્લોઝર રિપોર્ટને ફગાવી દેતા ચર્ચા શરૂ થઇ હતી. કોર્ટે તપાસ પર ભાર મુકીને તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન નોંધવા પર ભાર મુક્યો હતો. અગાઉ પણ અનેક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. સિંહ સામે સમન્સ જારી થતા હવે તેમની મુશ્કેલી વધી શકે છે. કોલસા કોંભાડના કારણે અગાઉની સરકારને ભારે ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. ૨૫મી નવેમ્બરના દિવસે સુનાવણી દરમિયાન ખાસ સીબીઆઈ જજ ભરત પરાશરે સીબીઆઈને પ્રશ્ન કર્યો હતો કે, કોલસા કૌભાંડના મામલામાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની પુછપરછ કેમ કરવામાં આવી નથી જ્યારે હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી ત્યારે ૨૦૦૫-૦૯ના ગાળા દરમિયાન સિંહ કોલસા પ્રધાન તરીકે હતા.

આ સંદર્ભમાં તપાસ અધિકારીએ જવાબ આપતા કહ્યું હતું કે, આ મામલામાં પીએમ ઓફિસના અધિકારીઓ ટીકેએ નાયર અને જાવેદ ઉસ્માનની પુછપરછ કરવામાં આવી હતી. તેમના નિવેદનના આધાર પર તત્કાલિન કોલસા પ્રધાનના નિવેદનની જરૂર પડી ન હતી. ત્યારબાદ કોર્ટે એવી બાબત જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી કે, મનમોહનસિંહની પુછપરછ કરવાની જરૂર હતી કે કેમ તેમ આ અંગે સીબીઆઈએ ખુલાસો કરતા કહ્યું હતું કે, તેને મનમોહનસિંહની પુછપરછ કરવા મંજુરી અપાઈ ન હતી. આ અગાઉ એવા અહેવાલ પણ આવ્યા હતા કે, ગયા વર્ષે સીબીઆઈના એસપી કેઆર ચોરસિયાએ ભલામણ કરી હતી કે, મનમોહનસિંહની સીબીઆઈએ પુછપરછ કરવી જોઈએ તે વખતે સીબીઆઈના તત્કાલિન ડિરેક્ટર રણજીત સિંહાએ એમ કહીને બાબતને ફગાવી હતી કે આનો સમય આવ્યો નથી.

એએપીને વધુ એક ફટકો : અંજલિ દામણિયાએ પક્ષ સાથે છેડો ફાડ્યો

નવીદિલ્હી,તા.૧૧

આમ આદમી પાર્ટીને એક પછી એક મોટા ફટકાઓ પડી રહ્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ જીત મેળવનાર અને ધડાકા સાથે સત્તામાં આવનાર એએપીમાં ખેંચતાણ એટલી હદ સુધી વધી છે કે, એએપી સાથે હવે ઘણા નેતાઓ છેડો ફાડવા લાગી ગયા છે. આમ આદમી પાર્ટીને આજે એ વખતે મોટો ફટકો પડ્યો હતો જ્યારે તેના મહારાષ્ટ્રમાં મુખ્ય ચહેરા ગણાતા અંજલિ દામણિયાએ પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, અરવિંદ કેજરીવાલ હોર્સ ટ્રેડિંગમાં સંડોવાયેલા હતા. તેમણે ટ્વિટર પર કહ્યું છે કે, તેઓ આ નોન્સન્સ માટે એએપીમાં આવ્યા ન હતા. તેઓએ કેજરીવાલમાં વિશ્વાસ કરતા હતા. હોર્સ

ટ્રેડિંગ માટે નહીં પરંતુ સિદ્ધાંતો માટે કેજરીવાલને ટેકો આપ્યો હતો. અહેવાલ મુજબ દામણિયા કેજરીવાલથી ખુબ જ નારાજ છે. એવી બાબત પણ જાણવા મળી હતી કે, કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી બનવા માટે લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસના ધારાસભ્યોનો સંપર્ક કર્યો હતો. રાજેશ ગર્ગ જે રોહિણીમાંથી એએપીના પૂર્વ ધારાસભ્ય છે. તેમની અને કેજરીવાલ વચ્ચે જુલાઈ ૨૦૧૪માં થયેલી વાતચીતના આધાર પર આ આક્ષેપ કરવામાં આવ્યો છે. ગર્ગે માહિતી આપતા કહ્યું છે કે, તેઓએ કેજરીવાલ સાથે વાતચીત કરી હતી તેમાં કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા ઈચ્છુક છે. જો કે, દામણિયાનો પાર્ટી સાથે છેડો ફાડવાનો નિર્ણય આશ્ચર્યજનક છે. કારણ કે તેઓ કેજરીવાલના નજીકના લોકોમાં પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવ સાથે કેજરીવાલની ખેંચતાણમાં તેઓએ કેજરીવાલ કેમ્પને ટેકો આપ્યો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની હાર થાય તેઓ આક્ષેપ પણ ભૂષણ ઉપર કર્યો હતો. દામણિયાએ પાર્ટીમાંથી બીજી વખત રાજીનામુ આપ્યું છે. ત્યારબાદ નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. નીતિન ગડકરીની સામે તેમની લોકસભા ચૂંટણીમાં હાર થઈ હતી. બીજી બાજુ એએપીમાં ચાલી રહેલી ખેંચતાણમાં આજે નવો વણાંક આવ્યો હતો. કારણ કે સિનિયર નેતાઓ યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભુષણે એએપીના કાર્યકરોને પત્ર લખીને તેઓ જે કંઈ પણ જાણવા માંગે છે તે અંગે સૂચના આપી છે.

આરએસએસની નવી ટીમની ટૂંકમાં પસંદગી

નાગપુર,તા. ૧૧

નવી આરએસએસની ચુંટણી અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની ત્રણ દિવસની બેઠક દરમિયાન કરવામાં આવશે. આ બેઠક ૧ ૩મી માર્ચથી શરૂ થઈ રહી છે જેમાં અન્ય વિવિધ પાસાઓ ઉપર ચર્ચા કરવામાં આવનાર છે. અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ મનમોહન વૈદ્યએ આજે કહ્યું હતું કે, ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. નામ સુચવવામાં આવ્યા બાદ અન્ય બે દ્વારા તેને ટેકો આપવામાં આવશે. જો એક જ નામ સુચવવામાં આવશે તો તે વ્યક્તિને પોસ્ટ માટે ચૂંટાયેલો જાહેર કરવામાં આવશે. તેમણે ઉમેર્યુંહતું કે, કેટલાક નવા લોકોને એબીપીએસની બેઠક દરમિયાન ટીમમાં સામેલ કરવામાં આવી ચુક્યા છે. જો કે, ઉચ્ચ સ્તર પર કોઈ મોટા ફેરફાર કરવામાં આવનાર નથી. એવી અટકળો છે કે, સંઘના વર્તમાન જનરલ સેક્રેટરી ભૈયાજી જોશીની જગ્યા ઉપર કર્ણાટકમાંથી દત્તાત્રેય હોસાબલે આવી શકે છે પરંતુ સિનિયર આરએસએસ નેતાએ આને રદિયો આપ્યો છે. એબીપીએસની બેઠક નાગપુરમાં યોજાઈ રહી છે. એક બેઠક ઉત્તરીય અને બીજી બેઠક દક્ષિણી વિસ્તારમાં દર વૈકલ્પિક વર્ષે યોજાય છે. દેશભરમાંથી એબીપીએસના ૧૬૦૦થી વધુ સભ્યો ત્રણ દિવસની બેઠકમાં ભાગ લે તેવી શક્યતા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ એબીપીએસની બેઠકમાં પ્રથમ દિવસે પહોંચનાર છે. તે પણ મહત્વપૂર્ણ સત્રમાં ભાગ લેશે.

ઉઘડતે પડદે (પાના નં. ૪ નું ચાલુ)

એક સરસ ઉદાહરણ એટલે દિપ પ્રાગટ્યના એ સ્ટેજ પર બેઠેલાં અને આગળ બધાં દીવો પ્રગટાવે એટલે એમને એમ કે હું પતી ગયો ને મારા માટે દીવો પ્રગટાવ્યો. આ દીવો કાર્યક્રમ પત્યો ત્યાં સુધી ચાલ્યો એટલે જતાં જતાં બોલ્યાં આ દીવાએ છેક સુધી મારો જીવ અદ્ધર રાખ્યો... અંકિત ત્રિવેદી જેવા ગુજરાતી સાહિત્યના ઉપાસકો છે, ત્યાં સુધી આ ભાષા અજર-અમર રહેવાની જ...

ગુજરાતી સદાબહાર ગીતોની એક મેડલી રજૂ થઇ... દીકરીને ગાય દોરે ત્યાં જાય, દીકરી તો પારકી થાપણ કહેવાય - નજરના જામ છલકાવીને ચાલ્યાં કયા તમે - મારાં ભોળા દિલનો આમ શિકાર કરી લે - પાંદડું લીલું ને રંગ રાતો - અમદાવાદ બતાવું ચાલો, હું અમદાવાદ બતાવું ચાલો, હું અમદાવાદનાં રિક્ષાવાળો ૯૯૯ નંબર વાળો - કોણ હલાવે લિંબડીને કોણ ઝુલાવે પિપળી, ભાઈની બેનની લાડકીને ભૈલો ઝુલાવે ડાળખી - હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ - હુ તુ તુ જામી રમતની ઋતુ... બધાં જ ગીતો અને એની રજૂઆત, અસરદાર રહી...

વહાલથી વોટ્સ એપ વચ્ચે વિસ્તરેલી આર્ટ લવર્સના રંગોત્સવની પ્રથમ રાત્રીએ લોકોને મનભરીને માણી. છેલ્લા દસ વર્ષથી હોળી પ્રાગટ્ય અને સાથે ગમ્મત ગુલાલ ભરી આ મસ્તાની હોળી-ધૂળેટી એ વિશિષ્ટ અને યાદગાર કાર્યક્રમ બની રહ્યો છે... નવા વર્ષના હોદ્દેદારો અને સતત બીજી ટર્મ માટે પસંદગી પામેલા પ્રમુખ ઋષિકેશ ભટ્ટને પૂર્વ પ્રમુખ ગનીભાઈ વાડિયા, ચેતન પટેલ અને નિમેષ રાવલે અનેક શુભેચ્છાઓ પાઠવી સંપૂર્ણ સહયોગની ખાત્રી આપી હતી...

આજે જયારે વહાલો સામે બેઠો હોય આપણે વોટ્સએપમાં લાગીને એમાંથી વહાલ વરસાવતાં હોઈએ, એવી પરિસ્થિતિમાં આટલાં બધાં લોકો સાથે મળી એકબીજાના ગાલે રૂબરૂમાં ગુલાબ્લ લગાડે અને તહેવાર ઉજવે છે, અને ગીત સંગીતની મહેફીલ સાથે ગાતાં જાય કે, 'આજના છોડેંગે બસ હમજોલી, ખેલેંગે હમ હોલી, ખેલેંગે હમ હોલી...' ગુલાલમાં વહાલ વિંટીને સૌને અનેક શુભેચ્છાઓ આવા સુંદર કાર્યક્રમ માટે.

ઉથલપાથલ વચ્ચે સેંસેક્સ ૫૧ પોઈન્ટ ઘટી બંધ થયો

મુંબઈ,તા. ૧૧

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે નિફટી ૮૭૦૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે સેંસેક્સ ૫૧ પોઈન્ટ ઘટીને ૨૮૬૫૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડરમાર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૪ અને ૦.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફ્રન્ટ લાઈનરો કરતા નિરાશાજનક સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રિડ્થ નકારાત્મક રહી હતી. ૧૬૩૧ શેરમાં મંદી અને ૧૧૯૯ શેરમાં તેજી રહી હતી. માઈક્રો ઈકોનોમિક મોરચે ભારતની વર્તમાન ખાતાકીય ખાધ યથાસ્થિતિમાં રહી છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં ઘટાડો થઈ રહ્યો છે. નિકાસમાં ઘટાડો થઈ રહ્યો છે. ઓક્ટોબર-ડિસેમ્બરના ગાળામાં પણ આવી જ સ્થિતિ જોવા મળી છે.

ભારતની વેપાર ખાધ ત્રિમાસિક ગાળા દરમિયાન વધીને ૩૯.૨ અબજ ડોલરની સપાટીએ રહી છે જે સપ્ટેમ્બરમાં ૩૮.૬ અબજ ડોલર રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બેંચમાર્ક ઈન્ડેક્સમાં ગઈકાલે પણ ઘટાડો રહ્યો હતો. ફાયનાન્સિયલ, કેપિટલ ગુડ્ઝ અને ઓઈલ શેરમાં તીવ્ર વેચવાલીના દબાણ વચ્ચે સેંસેક્સમાં કડાકો બોલાઈ ગયો હતો. જો કે, ભારતી એરટેલ અને ઓટોના શેરમાં લેવાલી રહેતા સેંસેક્સમાં મર્યાદિત ઘટાડો જોવા મળ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ મંગળવારે ૧૩૫ પોઈન્ટ ઘટીને ૨૮૭૧૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૫ પોઈન્ટ ઘટીને ૮૭૧૨ની સપાટીએ રહ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, ઘણા બધા વૈશ્વિક પરિબળોની અસર જોવા મળી રહી છે. આજે પસંદગીના ઓટો શેરમાં મંદી રહી હતી. ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકી સાતમાં ઘટાડો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો.

રેલવેમાં એલઆઈસી ૧.૫ લાખ કરોડની મૂડી રોકશે

નવી દિલ્હી,તા. ૧૧

એલઆઈસી ભારતીય રેલવેમાં ૧.૫ લાખ કરોડનું જંગી મૂડી રોકાણ કરવા માટે તૈયાર છે. ૩૦૦૦૦ કરોડનું વાર્ષિક રોકાણ આઈઆરએફસી દ્વારા જારી કરવામાં આવનાર બોન્ડ મારફતે રોકાણથી કરાશે. રેલવેના ફાયનાન્સિયલ કમિશનર રાજલક્ષ્મી રવિકુમાર અને એલઆઈસીના ચેરમેન એસકે રોયે રેલવે મંત્રાલય અને એલઆઈસી વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે નાણામંત્રી અરુણ જેટલી અને રેલવે પ્રધાન સુરેશ પ્રભુ પણ ઉપસ્થિત રહ્યા હતા. આગામી પાંચ વર્ષના ગાળામાં રોકડ કટોકટીનો સામનો કરતા ભારતીય રેલવેમાં એલઆઈસી ૧.૫ લાખ કરોડનું જંગી રોકાણ કરનાર છે.

વનડેમાં સતત ચોથી સદી કરવામાં સંગાકારા સફળ

હોબાર્ટ,તા. ૧૧

શ્રીલંકાના ધરખમ ખેલાડી કુમાર સંગાકારાએ વર્લ્ડ કપમાં જોરદાર ફોર્મ જાળવી રાખીને આજે સતત ચોથી સદી કરી હતી. કુમાર સંગાકારાએ આ સદી કરીને વનડેમાં સતત ચાર સદી કરનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો હતો. વર્લ્ડ કપમાં પણ આ કારનામો કરનાર તે પ્રથમ ખેલાડી બની ગયો છે. સંગાકારાએ આજે બુધવારે સ્કોટલેન્ડ સામે ૯૫ બોલમાં ૧૩ ચોગ્ગા અને ચાર છગ્ગાની સાથે ૧૨૪ રન બનાવ્યા હતા. તિલકરત્ને દિલશાને પણ શાનદાર સદી કરી હતી. બન્નેએ ૧૯૫ રનની શાનદાર ભાગીદારી નોંધાવી હતી. સંગાકારાએ આઉટ થતા પહેલા ૮૬ બોલમાં સદી કરી હતી. સંગાકારાએ વનડેમાં તેની ૨૫મી સદી કરી હતી. સંગાકારાએ ૨૦૧૫ ઓગષ્ટમાં નિવૃતિ લેવાની જાહેરાત કરી ચુક્યો છે. તે વર્તમાન વર્લ્ડ કપમાં ચાર સદી કરી ચુક્યો છે. વનડે ક્રિકેટમાં સતત ત્રણ સદી ફટકારવાનો રેકોર્ડ કેટલાક ખેલાડી ધરાવે છે. જેમાં ન્યુઝીલેન્ડના રોસ ટેલર, દક્ષિણ આફ્રિકાના ડીકોક, દક્ષિણ આફ્રિકાના હર્શલ ગિબ્સ અને ડિવિલિયર્સ તેમજ પાકિસ્તાનના જહીર અબ્બાસનો સમાવેશ થાય છે.

સંગાકારાના શાનદાર ફોર્મને જોતા તે વર્લ્ડ કપમાં મેન ઓફ ધ સિરિઝ માટે હવે પ્રબળ દાવેદાર તરીકે ઉભરી આવ્યો છે. જો કે દિલશાને પણ બે સદી કરી છે. ભારતના શિખર ધવને પણ વર્તમાન વર્લ્ડ કપમાં બે સદી કરી છે.સંગાકારાએ ઓસ્ટ્રેલિયા સામે છેલ્લી મેચમાં ૧૦૪ રન કર્યા હતા.

પ્રશાંત અને યોગેન્દ્ર યાદવની પાર્ટીમાંથી હકાલપટ્ટી શકે છે

નવી દિલ્હી,તા. ૧૧

આમ આદમી પાર્ટીમાં ખેંચતાણનો અંત હજુ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. પાર્ટીની સામે કામ કરવાના આરોપમાં આમ આદમી પાર્ટીની પીએસીમાં બહાર કરવામાં આવેલા પ્રશાંત ભુષણ અને યોગેન્દ્ર યાદવની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. આમ આદમી પાર્ટીના ૫૦ ધારાસભ્યોએ પાર્ટીના કન્વીનર અરવિન્દ કેજરીવાલને પત્ર લખીને આ બન્નેની સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. એમ માનવામાં આવે છે કે બન્નેની પાર્ટીમાંથી પણ હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. બન્નેને પાર્ટીમાંથી દુર કરવાની દરખાસ્ત પર ૨૮મી માર્ચથી શરૂ થતી રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં ચર્ચા કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે જો યાદવ અને ભુષણ પીએસીમાંથી દુર કરવાના નિર્ણયનુ સન્માન કરશે નહી તો પાર્ટીની પાસે તેમને બહાર કાઢવા સિવાસ કોઈ વિકલ્પ રહેશે નહી.

નિર્ભયા ગેંગ રેપ કેસમાં એક વર્ષથી સુનાવણી કરાઈ નથી

નવી દિલ્હી,તા. ૧૧

બીબીસી દ્વારા વિવાદાસ્પદ દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ દુનિયાભરમાં નિર્ભયા ગેંગ રેપ કેસ ફરી એકવાર સપાટી પર આવ્યો

છે. પરંતુ સુપ્રીમ કોર્ટમાં છેલ્લા એક વર્ષથી આ મામલે કાર્યવાહી આગળ વધી શકી નથી. સુપ્રીમમાં એક વર્ષથી કેસ યથાવત સ્થિતીમાં છે. ફાસ્ટ ટ્રેક કોર્ટ અને હાઈકોર્ટ બાદ નિર્ભયા કેસ હાલમાં સુપ્રીમ કોર્ટમાં છે. જ્યાં ૧૫મી માર્ચ ૨૦૧૪ના દિવસે કેસની છેલ્લી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ આ કેસ માત્ર ફાઈલો સુધી જ રહ્યો છે. હવે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ દુષ્યંત દવેએ યાદ અપાવી છે કે આ મામલો જરૂરી મામલો છે જેથી તેમાં સુનાવણી થવી જોઈએ. ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આ કેસની સુનાવણી ૧૭મી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે શરૂ કરવામાં આવી હતી. માત્ર આઠ મહિનાના ગાળામાં જ કોર્ટે સુનાવણી પૂર્ણ કરીને તેનો ચુકાદો આપી દીધો હતો. કોર્ટે તમામને મૃત્યુદંડની સજા ફટકારી હતી. મામલો ત્યારબાદ હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. જ્યાં માત્ર છ મહિનાના ગાળામા જ સુનાવણી બાદ ચુકાદો યથાવત રાખવામા ંઆવ્યો હતો.૧૫મી માર્ચ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટમાં મામલાની પ્રથમ સુનાવણી થઈ હતી. ત્યારબાદ તારીખ પડી ગઈ હતી. હજુ સુધી આગામી તારીખ આવી નથી. સુપ્રીમ કોર્ટે હાલમાં દોષિતોની સજાના અમલ પર સ્ટે મુકી દીધો છે. ૨૫મી ઓગષ્ટ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર આ મામલે એક આદેશ જારી કરવામાંઆવ્યો હતો.

મંજુનાથ કેસમાં આખરે છને આજીવન કારાવાસ

નવી દિલ્હી,તા. ૧૧

સુપ્રીમ કોર્ટે ઈન્ડિયન ઓઈલના યુવા કારોબારી મંજુનાથની હત્યાના મામલામાં છ આરોપીઓને આજીવન કારાવાસની સજા આજે ફટકારતા કોર્ટરુમમાં સોપો પડી ગયો હતો. મંજુનાથને ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરી વિસ્તારમાં નવેમ્બર ૨૦૦૫માં ઠાર મારી દેવામાં આવ્યો હતો. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં સેલ્સ ઓફિસર રહેલા ૨૭ વર્ષીય મંજુનાથના મામલામાં અનેક ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી હતી. પેટ્રોલ ભેળસેળ રેકેટનો પર્દાફાશ કરવા બદલ મંજુનાથને જાન ગુમાવવી પડી હતી. લખીમપુર ખેરી વિસ્તારમાં આઈઓસીના પેટ્રોલ પંપ ઉપર ચાલતા ભેળસેળ કૌભાંડના સંદર્ભમાં મંજુનાથે તમામ વિગતો જાહેર કરી હતી. આ કેસમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. તેની હત્યા કરવામાં આવ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરાઈ હતી.

સમાચાર ઝલક

- એસ.ટી.ના ભાડા ઘટાડવાની હાલ વિચારણા નથી.
- સૂરત ડાયમંડ બુર્સને સ્પેશિયલ નોટીફાઈડ ઝાનનો દરજ્જો તા.૧લી એપ્રિલથી મળશે. હીરા ઉદ્યોગકારોમાં ખુશાલી.
- ભાવનગરમાં ખુદ પોલીસે જ નાણાં ઉચાપત કર્યા.
- વડોદરાના ઈલેક્ટ્રીક એન્જીનીયરના વિદ્યાર્થીએ ટચપેડથી ચાલતી વ્હીલચેર બનાવી.
- ગુજરાતભરમાં ગ્રામીણ ડાક સેવકોના ધરણાં તથા હડતાલ. ગામડાઓમાં ટપાલ વ્યવસ્થા ખોરવાઈ.
- જામનગરમાં ગોડાઉનમાં ભયંકર આગથી કરોડોનું નુકશાન.
- સૌરાષ્ટ્રમાં ૫૦થી વધુ ડેમો ચાલુ મહિનાથી જ ખાલીખમ.
- વિશ્વ ઝામર સપ્તાહની ઉજવણી ચાલે છે ત્યારે ગુજરાતમાં પાંચ લાખ ઝામરના દર્દીઓ.
- ૧લી એપ્રિલથી વાહન વીમો ૨૦ ટકા મોંઘો થશે.
- રાજસ્થાન સરકાર ધો-૧૨માં ૭૫ ટકા લાવનાર દીકરીને સ્કુટી આપશે.
- આર્જેન્ટિનામાં બે હેલિકોપ્ટર અથડાતાં બે ખેલાડીઓ સહિત ૧૦નાં મોત.